## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તમે જ નક્કી કરો... પાણીની ચોરી અટકાવીશું તો ખેડૂત આત્મહત્યા કરશે.. નહીં કરીએ તો તમે તરસ્યા મરશો...



'હેપ્પી કિડસ'ના વાર્ષિકોત્સવમાં નાના ભૂલકાંઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ વેશભૂષા રજુ કરી હતી. આ સાથે બાળકોએ અભિનય, ડાન્સ અને સીંગીંગની કૃતિઓ રજૂ કરી દર્શકોને ડોલાવ્યા હતા.

# આજે પદ્મશ્રી અરૂણિમા સિંઘ ગાંધીનગરની અતિથિ બનશે

## રાજભવનમાં રાજ્યપાલના હસ્તે અરૂણિમા સિંઘની પુસ્તકનો વિમોચન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ભારતની સાહસિક યુવા પર્વતારોહણ અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અરૂણિમા સિંઘ આજે પાટનગર ગાંધીનગરની મહેમાન બનશે અને ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સ્થિત નાથીબા મહિલા કોલેજના એકેડેમીક કાર્યક્રમમાં ભાગ લેશે. ઉપરાંત અરૂણિમા સિંઘની પુસ્તકનું રાજભવનમાં રાજ્યપાલના હસ્તે વિમોચન કરવામાં આવશે.

હિમ્મતે મર્દા તો મદદે ખુદા કહેવતને સાર્થક બનાવતી ભારતની સાહસિક યુવા પર્વતારોહણ અરૂણિમા સિંઘે આર્ટીફીશયલ પગ સાથે બાવન દિવસમાં માઉન્ટ એવરેસ્ટ સર કરી દુનિયાને પોતાનો જોમ અને જુસ્સો દેખાડી દિધો છે. પોતાની શારીરિક ખામીને જ પોતાની તાકાતમાં બદલી અનેક પર્વતારોહણોને પ્રેરણા પુરી પાડનાર અરૂણિમા સિંઘ આજે ગાંધીનગરની અતિથિ બની છે.

૨૯ વર્ષીય અરૂણિમાં છેલ્લા ઘણા વર્ષથી આ પર્વતારોહણની પ્રવૃત્તિમાં જોડાયેલી છે. આ ઉપરાંત અનેક રાષ્ટ્રીયકક્ષાના રમત-ગમતના કાર્યક્રમોમાં માર્ગદર્શન અને યુવાનોને પ્રેરણા પુરી પાડી રહ્યા છે. ગાંધીનગરની અતિથિ બની આવનાર અરૂણિમા આજે ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયની નાથીબા મહિલા કોલેજના વિદ્યાર્થીઓને સંબોધન કરી તેમની સાથે વાર્તાલાપ કરશે. બાળકોને માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડી પોતાના અનુભવો અંગે વાતચીત કરી પ્રોત્સાહન પુરૂ પાડશે.

ગાંધીનગરની મુલાકાત દરમિયાન આજે અરૂણિમા સિંઘની એક પુસ્તકનું પણ રાજભવનમાં રાજ્યપાલના હસ્તે વિમોચન કરવામાં આવશે. જેમાં ગાંધીનગરના વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# બિનઅનામત વર્ગ માટે આર્થિક અનામતના અમલની માંગણી

ગાંધીનગર,તા. ૧૯

ગુજરાત વિધાનસભામાં આજે કોંગ્રેસ દ્વારા બિનઅનામત વર્ગ માટે આર્થિક અનામતની મહત્વની માંગણી ઉઠાવવામાં આવી હતી. વિપક્ષ કોંગ્રેસના દંડક અને ધારાસભ્ય અમિત ચાવડાએ આજે ગૃહમાં મહત્વની માંગણી ઉઠાવતાં જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા બિન અનામત વર્ગ માટે આર્થિક અનામતની નીતિ અમલી બનાવવી જોઈએ. સરકારી નોકરીઓ અને શિક્ષણ-અભ્યાસમાં ૨૦ ટકા અનામતની તેમણે માંગ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે બિનઅનામત વર્ગ માટે આર્થિક અનામત માટે જો સર્વે કરવાની જરૂર હોય તો સર્વે કરાવવો જોઈએ અને આ માટે પૂરતું અને યોગ્ય બજેટ પણ ફાળવવું જોઈએ. સરકાર જો આ નીતિ અમલી બનાવતી હોય તો વિપક્ષના સભ્યો તેને હકારાત્મક અભિગમ સાથે ટેકો જારી કરશે. પરંતુ સરકારે બિનઅનામત વર્ગના હિતમાં આ નિર્ણય અમલી બનાવવો જોઈએ. આ અગાઉ કોંગ્રેસના ધારાસભ્ય કુંવરજી બાવળિયાએ પ્રશ્નોત્તરી દરમ્યાન ઉઠાવેલા પ્રશ્નના જવાબમાં સરકાર તરફથી સ્વીકાર કરાયો હતો કે, છેલ્લા બે વર્ષથી રાજયમાં શિક્ષકોની ભરતી થઈ નથી. બે વર્ષથી રાજયમાં શિક્ષકોની ભરતી માટેની ટેટની પરીક્ષા લેવામાં આવી જ નથી. કોંગ્રેસે સરકારની ઉદાસીન અને શિક્ષણ વિરોધી નીતિના કારણે રાજયમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો.

# નીતિ આયોગે ગુજરાત સરકારને 'વિકાસ'નો વાસ્તવિક અરીસો દેખાડ્યો

ગાંધીનગર,તા.૧૯

ગુજરાત ઔદ્યોગિકરણમાં હરણફાળ કુદ કરી રહ્યું છે. તેમાં કોઈ બેમત નથી. પરંતુ ગુજરાત શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રમાં અન્ય રાજ્યોની સરખામણીએ ઘણું જ પાછળ હોય તેમ નીતિ આયોગના વાઈસ ચેરમેન ડો. રાજીવકુમારે જણાવ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે નીતિ આયોગના વાઈસ ચેરમેન ડો. રાજીવકુમારની ગાંધીનગર ખાતે બેઠક યોજાઈ હતી

ડો. રાજીવ કુમારે પીટીઆઈને જણાવ્યું હતું કે, ;'ગુજરાતે ઔદ્યોગિકરણ, માળખાગત સુવિધા અને ઉર્જા ક્ષેત્રમાં ખૂબ જ પ્રગતી કરી છે. પરંતુ આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં ગુજરાત અપેક્ષા પ્રમાણે પ્રગતિ કરી રહ્યું નથી. આ મુદ્દે મેં ગુજરાત સરકાર સાથે ચર્ચા પણ કરી હતી. મને ગુજરાત સરકાર તરફથી જણાવવામાં આવ્યું છે કે તેમણે રાજયના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં શિક્ષણ-આરોગ્ય પાછળ વધુ નાણાકીય ફાળવણી કરવામાં આવી છે.

ડો. કુમારે વધુમાં જણાવ્યું કે, રવિ સિઝનથી જ ખેડૂતો ફોર્મ્યુલા પ્રમાણે ટેકાના ભાવે ખરીદી કરવા માટે નીતિ આયોગ પ્રતિબદ્ધ છે. જેના કારણે આગામી ખરીફ સિઝનથી તેનો સંપૂર્ણ અમલ થઈ શકે. ૮.૫ લાખ ટન મગફળી ટેકાના ભાવથી વધુ કિંમતે ખેડૂતો પાસેથી ખરીદવા માટે પણ નીતિ આયોગ ગુજરાત સરકારને મદદ કરશે.

આ બેઠકમાં નીતિ આયોગના વાઈસ ચેરમેન દ્વારા પૂર્વ દરિયાઈ વિસ્તારની પેટર્નને આધારે પશ્ચિમ દરિયાઈ વિસ્તારના વિકાસની ક્ષમતાઓ વિકસાવવા સૂચન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દરિયાના પાણીનો ઉપયોગ ઔદ્યોગિક-અન્ય હેતુ માટે કરવા ઈઝરાયેલની પદ્ધતિ અપનાવવા પણ ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ તેમાં ખૂબ મોટા નાણાકીય રોકાણની આવશ્યક્તા હોવાથી તે માટે કેન્દ્ર સરકારની સહાય માટે વિનંતી કરી હતી

ગુજરાતના અર્થતંત્રને વેગવંતુ બનાવવા માટે કંડલા - જામનગર વચ્ચે કોસ્ટલ ઈકોનોમિક ઝોન બનાવવા માટે નીતિ આયોગ ગુજરાત સરકારને મદદ કરશે. આ અંગે ડો. કુમારે જણાવ્યું કે, કંડલા અને જામનગર વચ્ચે કોસ્ટલ ઈકોનોમિક ઝોન બનાવવાનો પ્રસ્તાવ અમારી સમક્ષ મૂકવામાં આવ્યો હતો. મારું માનવું છે કે આ ખૂબ જ સારો વિચાર છે. કંડલા-જામનગર વચ્ચે કોસ્ટલ ઈકોનોમિક ઝોન બનાવવાથી અર્થતંત્રને ખૂબ જ ફાયદો થઈ શકે છે.

# સંયુક્ત ગ્રામ્ય વિકાસ સંસ્થામાં ભરતી

ગાંધીનગર, તા. ૧૯

સંયુક્ત ગ્રામ્ય વિકાસ સંસ્થા ગાંધીનગર દ્વારા સંસ્થામાં ક્લાર્ક, તાલુકા સુપરવાઈઝર, લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર વગેરે જેવી વિવિધ પદો પર ભરતી માટેની તાજેતરમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે.

સંયુક્ત ગ્રામ્ય વિકાસ સંસ્થા દ્વારા રાજ્યના યુવાનો માટે તાલુકા સુપરવાઈઝરની ૨૪૯ જગ્યાઓ, લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટરની ૧૩૮ જગ્યા, તાલુકા બ્રાન્ચ ઓફિસરની ૨૪૯ જગ્યાઓ, જિલ્લા બ્રાંચ ઓફિસરની ૩૩ જગ્યાઓ, જિલ્લા સુપરવાઈઝરની ૩૩ જગ્યાઓ, કમ્પ્યૂટર ઓપરેટરની ૫૧૨ જગ્યાઓ, સ્ટોર કિપરની ૨૫૭ જગ્યાઓ, પટાવાળાની ૨૭૨ જગ્યાઓ, કલાર્કની ૫૧૭ જગ્યાઓ, એકાઉન્ટન્ટ ઓફિસની ૨૪૯ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી છે. જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો ૧૭મી માર્ચથી ૧૩ એપ્રિલ ૨૦૧૮ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. રાજ્યના ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા યુવાનો www. irdogujarat.org.in ફોર્મ ભરી શકશે.



## ગાંધીનગર તાલુકા આરોગ્ય કચેરી ખાતે મહિલા સરપંચોનું સંમેલન યોજાયું

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર તાલુકાના મહિલા સરપંચનું સંમેલન તાલુકા આરોગ્ય કચેરી ગાંધીનગર ખાતે યોજાયું હતું. આ સંમેલનમાં ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી મનુભાઈ સોલંકી, જિલ્લાના આર.ઓ.એચ. અધિકારી ડૉ. હરેશભાઈ નાયક, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ ત્રિવેદી, તાલુકા આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્ર પટેલ તથા તાલુકા મહિલા સરપંચો હાજર રહ્યા હતા. આ સંમેલનમાં પીવાનું સ્વચ્છ પાણી, મહિલા બાળ આરોગ્ય કાર્યક્રમો, બેટી બચાવો, બેટી વધાવો પ્રોગ્રામો તેમજ સરકારી યોજનાઓ વિશે મહિલાઓને આરોગ્યલક્ષી શિક્ષણ અંગે માહિતીગાર કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ ત્રિવેદી તથા તાલુકા આઈઈસી અધિકારી રાજેન્દ્ર પટેલે જહેમત ઉઠાવી હતી.

# ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની કારોબારી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ખાતે તા. ૧૮મી માર્ચના રોજ ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મહામંડળના પ્રમુખ પ્રકાશભાઈ ત્રિવેદી તથા ઉપપ્રમુખ રાજેશ ઉપાધ્યાય સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની કારોબારી બેઠકમાં રાજ્યભરની પંચાયતોમાં સિનિયર ક્લાર્કની જગ્યાઓ નાયબ ચીટનીશ સંવર્ગમાં અપગ્રેડ કરવા સરકાર સમક્ષ રજૂઆત માટે, સિનિયિર ક્લાર્ક સંવર્ગને તાલુકા વિકાસ અધિકારીની બઢતી માટેની જગ્યા માટે ફીડર કેડરમાં સમાવેશ કરવા, કેન્દ્ર સરકારના કર્મચારીઓને જે ધોરણે પગારભથ્થા ચુકવવામાં આવે છે તેજ ધોરણે પગારભથ્થાઓ ચુકવવા, નાંણા વિભાગના ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૬થી નિયત કરાયેલ ફિક્સ પગાર ધોરણની નીતિ પહેલાં નિમણુંક પામેલ તમામ કર્મચારીઓને પણ તા. ૧૮મી જાન્યુઆરી-૨૦૧૭ના ઠરાવમાં આવરી લેવા ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત ચાલુ નોકરીએ અવસાન પામનાર કર્મચારીના આશ્રિતને રહેમરાહે નોકરી આપવાની યોજના ફરી શરૂ કરવા સાથે મહામંડળના હોદ્દેદારો દ્વારા મુલાકાત લેવાના બાકી જિલ્લાઓની મુલાકાત એપ્રિલ માસના અંત સુધીમાં પૂર્ણ કર્યા બાદ મહામંડળની સામાન્ય સભાની બેઠક બોલાવવા ચર્ચા હાથ ધરવામાં આવી હતી. તેમજ રાજ્યના દરેક જિલ્લાને મહામંડળમાં પ્રતિનિધિત્વ મળે તે અંગે વિચારણા કરવા સાથે પંચાયત સેવા કર્મચારીઓનું મહાઅધિવેશન બોલાવવા અંગે પણ વિચારણા કરાઈ હતી.

મહામંડળની બેઠકમાં પ્રમુખ પ્રકાશભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ રાજેશ ઉપાધ્યાય તથા અનિલ ચૌહાણ ઉપરાંત હોદ્દેદારો કન્વીનર અજય સોની, મહામંત્રી રાજેશ ટીલાવત, ખજાનચી હિરેન પટેલ, સહમંત્રી દામીનીબેન પટેલ તથા એ.એસ. ધાસુરા, કાર્યાલયમંત્રી વી.ટી. સોની તથા એમ.જી. યાજ્ઞિક ઉપરાંત બનાસકાંઠા જિલ્લા પંચાયતના કર્મચારીઓ લીંબાચીયાભાઈ તથા મલેકભાઈ ઉપસ્થિત રહ્યાં હતા.



૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના ઉપલક્ષ્યમાં નારી સંરક્ષણ ગૃહ સેકટર-૧૨માં એક મહિલા સશકિતકરણ અને મહિલા અધિકારો અંગે એક કાનુની શિબિરનું આયોજન જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ કાનુની શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર શ્રીમતી વિમળાબેન અયાચીએ નારી શકિત-જાગૃતિ-તેઓને મળતી કાનુની સહાય તેઓનું સશકિતકરણ અંગે ઉદાહરણો સહિત વકતવ્ય આપ્યું હતું. જયારે પેરાલિગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ મહિલા કાયદાઓ અને તેઓના અધિકારો વિશે સંપૂર્ણ સમજુતી આપી હતી.

# ટેકનિકલ શિક્ષણમાં ૧૨૧ સંસ્થાને ફી વધારો અપાયો

ગાંધીનગર,તા.૧૯

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, ટેકનીકલ શિક્ષણ અભ્યાસક્રમોમાં સરકારી તેમજ અનુદાનિત સંસ્થાઓમાં ફી વધારો કરવામાં આવ્યો નથી જયારે સ્વનિર્ભર ૫૭૪ કોલેજોમાંથી ૧૨૧ સંસ્થાઓમાં રાજય સરકારે વ્યાજબીપણું ચકાસી ફી વધારો આપવામાં આવેલ છે. ટેકનિકલ શિક્ષણ અભ્યાસક્રમોમાં ફી વધારા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પ્રશ્નના કે, સ્વનિર્ભર ૫૭૪ કોલેજોમાંથી ૧૨૧ કોલેજોમાં ૫૦૦ થી લઈ ૩૯,૦૦૦ સુધીનો ફી થી વધુ ફી લેનાર સંસ્થાઓના કિસ્સામાં સંસ્થાની માન્યતા રદ થાય તેવી જોગવાઈ છે.

શિક્ષણ મંત્રીએ ફી વધારા બાબતે સ્વનિર્ભર સંસ્થાના અગાઉના ઓડિટ એકાઉન્ટ, ફુગાવાનો દર, અધ્યાપકો અને કર્મચારીઓના પગાર ભથ્થામાં વધારો તેમજ શૈક્ષણિક સવલતોના વિકાસ અને જાળવણીના ખર્ચને છે. શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે, સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવતા અભ્યાસક્રમમાં તેજસ્વી અનો આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ફી ભરવા આર્થિક સહાય મળે તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના દ્વારા સહાય કરવામાં આવે છે. આ યોજના હેઠળ ૧૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. તેમાંથી ૩૦૦ કરોડની સહાય જરૂરતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને કરવામાં આવી છે. દરમિયાન ગુજરાત ક્ષેત્રીય વનીકરણનો વધુ ને વધુ વિસ્તાર થઈ રહ્યો છે, તેમાં પણ છેલ્લ બે વર્ષમાં તાપી, વલસાડ, ગાંધીનગર અને ભાવનગરમાં પ્રગતિ જોવા મળી રહી છે. વિધાનસભા ગૃહમાં મજુરાના ધારાસભ્ય હર્ષ સંઘવી, ગારીયાધારના ધારાસભ્ય કેશુભાઈ નાકરાણી, પાલીતાણાના ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ તથા નવસારીના ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈના પ્રશ્નના જવાબમાં વન મંત્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ૨૬૭૨.૫૭ લાખના ખર્ચે ૬૩૨૪.૨૭ હેકટર વિસ્તારમાં ક્ષેત્રીય વનીકરણ કરવામાં આવ્યું છે. મંત્રી વસાવાએ જણઆવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં ૪૩૨૨.૫૯ હેકટર, શિહોર તાલુકામાં ૩૧૦.૬૮ હેકટર, ગાંધીનગર જિલ્લામાં ૧૮૪ હેકટર તથા ધરમપુર તાલુકામાં ૧૫૧૭ હેકટર જમીનનો સમાવેશ થાય છે.





જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર દ્વારા લૉ ઈન્સ્ટીટ્યુટ નિરમા યુનિવર્સિટીના જમિયતપુરા ગામમાં ચાલી રહેલા એનએસએસ કેમ્પમાં મહિલા અધિકારો, હક્કો અને મહિલાઓને લગતા કાયદાઓ અંગે એક કાનીની શિબિરનું આયોજન થયુ. આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ મહિલા સશક્તિકરણ, હક્કો અને અધિકારો તથા તેઓને લગતા વિવિધ કાયદાઓની સમજ આપી હતી. શિબિરમાં મુખ્ય મહેમાન તરીકે ઈન્સ્ટીટ્યુટ ઓફ લૉ,ના યુનિ.ના ડિન અને ડિરેકટર પ્રા. ડૉ. પૂર્વી પોખરીયાલ, એસ. એમ. સહગલ ફાઉન્ડેશનનાં એડવાઈઝર સુશ્રી જેન સુકોસ્કે એકેડેમીક કો ઓર્ડિનેટર ડૉ. તારાકેશ મોલીયા, રાજ મહેતા, ફેકલ્ટી કો. ઓર્ડિનેટર લીગલ એડ ક્લિનીક અને ડૉ. એ.એમ.ડી. સમિઉલ્લા, ફેકલ્ટી કો ઓર્ડિનેટર અને એસ.એસ. યુનિટ અને નિતેષ ચૌધરી ફેકલ્ટી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જમિયતપુરા ગામના સરપંચ પણ ખાસ આમંત્રણને માન આપી ઉપસ્થિત રહ્યા હતા. શિબિરનો લાભ ગ્રામજનો અને એનએસએસના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં હાજર રહીને લાભ લીધો હતો.

# ગુજરાત હાઈકોર્ટમાં અનુવાદકની ભરતી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો માટે અનુવાદકની સીધી ભરતી માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. ઉમેદવારો આગામી ૩૧મી માર્ચ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. અનુવાદકની જગ્યાઓ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની લેખિત પરીક્ષાના આધારે પસંદગી કરવામાં આવશે. અનુવાદકની જગ્યા માટે પગારનું ધોરણ રૂ. ૯,૩૦૦ થી ૩૪,૮૦૦ નક્કી કરાયુ છે. જેનો ગ્રેડ-પે રૂ. ૪૨૦૦ થશે. હાઈકોર્ટ દ્વારા ગત તા. ૧૬મી માર્ચથી ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. ઉમેદવારો તા. ૩૧મી માર્ચ સુધી પોતાનું ઉમેદવારી ફોર્મ ભરી શકશે.

# પ્રદેશ કોંગ્રેસ પ્રમુખપદેથી ભરતસિંહ સોલંકીએ રાજીનામુ આપ્યાની અફવા

અમદાવાદ,તા. ૧૯

કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષપદેથી ભરતસિંહ સોલંકીએ રાજીનામુ આપ્યું હોવાની ચર્ચા જોવા મળી રહી છે. જો કે, આ સંદર્ભમાં વધુ માહિતી મળી શકી નથી. વિશ્વસનીય સુત્રોના કહેવા મુજબ ભરતસિંહે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીને મળીને રાજીનામુ આપ્યું હોવાની ચર્ચા છે. ભરતસિંહની હાલમાં અવગણના થઈ રહી હોવાની પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા છે. રાજ્યસભાના ઉમેદવાર તરીકે પંસદગી ન થતાં ભરતસિંહ નારાજ દેખાઈ રહ્યા હતા. ભરતસિંહ સોલંકી રાજીનામુ આપીને લાંબા વેકેશન પર જાય તેવી શક્યતા છે અને થોડાક સમય સુધી રાજકીય ગતિવિધિથી દૂર રહેશે. કોંગ્રેસ તરફથી આ સંદર્ભમાં કોઈ વધુ માહિતી મળી શકી નથી.

# લવારપુર ખાતે વરિષ્ઠ નાગરીકોની શિબિર યોજાઈ

## સકારાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રહી શેષ જીવન ધન્ય બને તેવા પ્રયાસો ૨૦૦થી વધુ વરિષ્ઠ નાગરીકોએ હાથ ધર્યા

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લામાં સુશિક્ષિત અને પ્રગતિશીલ ગણાતા લવારપુર ગામે વરિષ્ઠ નાગરીકોની તાજેતરમાં થઈ રહી છે. તેના ભાગરૂપે તાજેતરમાં જ વરિષ્ઠ નાગરીકોની એક સુંદર શિબિરનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. આ બનેલો દેહ મન, ચિત્ત, હૃદય, મસ્તક અને હસ્ત દ્વારા સતકર્મોના આધારે મોક્ષને વરે છે જેથી તમારી આ જીંદગી અમુલ્ય છે તેમાં



શિબિર યોજાઈ ગઈ. વરિષ્ઠ નાગરીકો સામાજીક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક તેમજ અન્ય સકારાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય બની હરહંમેશ અગ્રેસર રહે તેવા પ્રયાસો ગામમાં થઈ રહ્યા છે અને તે માટે આજની શિબિરમાં વરિષ્ઠ નાગરીકોને તૈયાર રહેવા અને આજના આ આધુનિક જમાનામાં પ્રવૃત્તિઓને નીકટથી માણવા થઈ રહેલા કાર્યક્રમોમાં ભાગ લેવા જણાવવામાં આવ્યું હતું.

લવારપુર ગામમાં સીનીયર સીટીઝન રમણભાઈ પટેલ કે જેઓ એન.આર.આઈ. છે તેઓના નેતૃત્વ અને આગેવાનીમાં સીનીયર સીટીઝનો માટે વિવિધ પ્રવૃત્તિઓ શિબિરમાં ૨૦૦થી વધુ વરિષ્ઠ નાગરીકોએ ભાગ લીધો હતો. જેમાં અગાઉ કરેલો વિમાન પ્રવાસ, કમ્પ્યુટર તાલીમમાં સ્માર્ટફોનના ઉપયોગ સંબંધીત તાલીમ, મહિલા સશક્તિકરણના ભાગરૂપે યોજાયેલ કાર્યક્રમ વગેરે જેવી અનેક વિવિધ પ્રવૃત્તિમાં વરિષ્ઠ નાગરીકો દ્વારા થઈ રહી છે.

જીવનની અંતિમ ઘડીઓને સકારાત્મક તરફ દોરી જઈને શાંતિ, સુખ, સંતોષ, આનંદ સહિત સંસ્કારિતા અને કર્મશીલતાનો અનુભવ થાય તેવા પ્રયાસો વરિષ્ઠ નાગરીકોએ હાથ ધરવા જોઈએ તેવું આ શિબિરમાં જણાવાયુ હતુ. આ ઉપરાંત માનવીનો પંચભૂતોના સતકર્મોનું ભાથુ આ આખરી તબક્કે ભેગુ કરવા આવા કાર્યોમાં સહભાગી થવુ જોઈએ તેવુ વક્તા તરીકે સુભાષભાઈ સોનીએ જણાવ્યુ હતુ. વી. કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ તથા પી.એસ.વી. નટુભાઈ પટેલ હાજર રહ્યા હતા. તો કાર્યક્રમના આયોજક અને દાતા નટુભાઈ પટેલ તથા આનંદીબેન પટેલ (એનઆરઆઈ)ની પ્રેરણાદાયી હાજરી સાથેનું પ્રવચન ખુબજ આવકારદાયી બન્યુ હતું. આ પ્રસંગે એનઆરઆઈ રમણભાઈ પટેલે સ્વરચિત મંડળના સભ્યો અને મુક સેવક સભ્યોને સન્માનિત કર્યા હતા.